જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૭૩/૧૭</u>

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની પશુ કતલની પ્રવુતિ તેમજ દારુ/જુગાર તેમજ નાસતા ફરતા,વોન્ટેડ,ફરાર આરોપીઓને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ.સબ્બીરખાન ઈબ્રાહીમખાન બ.નં.૬૪૪૩ તથા સ્ટાફના પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.ન.૬૧૭૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન ના.રા.પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક : ૬/૦૦ વાગે દાણીલીમડા ઢોર બજાર ચાર રસ્તા ખાતે જાહેર રોડ ઉપર આવતા પો.કો. કમલેશકુમાર હસમુખલાલનાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી <u>મોહમદ ઈબ્રાહીમ મોહમદ ઈશાક મુન્સી ઉ.વ. ૩૨ રહે : ગલી નં. ૧૩ કુતુબનગર સૈયદવાડી વટવા અમદાવાદ શહેર</u> નાઓને ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદે તેના કબજાની બોલેરો પીકપ ગાડી નંબર GJ-01-DY-5255 કિ.રુ.૪,૦૦,૦૦૦/- માં જીવતી ભેંસ નંગ-૩ કિ.રુ.૪૫,૦૦૦/- તથા નાના જીવતા પાડા નંગ-૨ કિ.રુ.૮,૦૦૦/- ના લઈ જતા કુલ્લે કિ,રુ.૪,૫૩,૦૦૦/ ના મુદામાલ સાથે આજરોજ તા.૦૬/૦૩/૨૦૧૭ ના કલાક : ૭/૧૫ વાગે પકડી પાડી જીવતા અબોલા પશુઓની કતલ થતા બચાવી લઈ દાણીલીમડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૬૬/૧૭ ધી ગુજરાત પશુ સંરક્ષણ અધિનીયમ ૧૯૫૪ (૨૦૧૧ ના સુધારા) ની સુધારા કલમ ૫. ૬. ૭. ૮ તથા પશુ પત્યે ઘાતકી પણા ની કલમ ૧૧.એલ.ડી મુજબનો ગુનો શોધી કાઢી તપાસ દરમ્યાન આરોપી <u>લતીફ અબ્બાસ શેખ ઉ.વ.૫૪ રહે : મ.નં.૧૦ વાઘજીભાઈની ચાલી ઢોર બજાર મેદાનની બાજુમાં બહેરામપુરા અમદાવાદ શહેર</u>નાઓને આજરોજ તા.૦૬/૦૩/૨૦૧૭ ના કલાક : ૧૪/૨૫ વાગે પકડી અટક કરી સદરી આરોપીની પુછપરછ દરમ્યાન સદર જીવતા પાડા નંગ-૨ તેમજ જીવતી ભેસ નંગ-૩ <u>કઠલાલ તાલુકાના ખોખરવાડા ગામમાંથી ઝહીરભાઈ નામના વ્યકિત પાસેથી</u> લાવેલ હોવાનુ જણાવતા સદર ગુનાના કામે ઝહીર નામના ઈસમને પકડી પાડવા તજવીજ ચાલુ છે.

(૨) સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ.આર.એમ.વસાવા તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" વિભાગ અમદાવાદ શહેર સા.ના સ્કોડના અ.હેડ.કોન્સ.વિજ્યકુમાર રણછોડભાઈ તેમજ બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે,વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક : ૧૩/૦૦ વાગે દાણીલીમડા ચંડોળા ચોકી ત્રણ રસ્તા જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો સુધાકરભાઈ ફુલસિંહ તથા પો.કો ઈન્દ્રજીતસિંહ ભુપતસિંહનાઓને મળેલ સંયુકત બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) રાકેશ સ/ઓફ મલાભાઈ જાતે ડામોર ઉ.વ-૨૦ રહે-ગામ અબલોડ(જેસાડા) તા-ગરબાડા જી-દાહોદ હાલ રહે-ચંડોળા તળાવના છાપરા PWD ઢાળ ચંડોળા પાળ ઈસનપુર અમદાવાદ શહેર +૧= ૨ નાઓને વગર પાસ પરમીટની પરપ્રાંતીય ઈગ્લીશ દારુની GOA SPIRIT OF SMOOTHNESS બ્રાન્ડની ૧૮૦/ મી.લીની સીલ બંધ નાની બોટલ નંગ-૨૭૦ કિ.રુ.૨૭.૦૦૦/ ની મતાના મુદામાલ સાથે આજરોજ તા.૬/૦૩/૨૦૧૭ ના કલાક : ૨૧/૫૫ વાગ્યે પકડી લઈ પ્રોહિબિશનનો ગુનો શોધી કાઢેલ છે.

(૩) મદદનીશ પો.કમિ.શ્રી "કે" વિભાગ અમદાવાદ શહેર તેમજ સિનિયર પોલીસ ઈન્સપેકટર આર.કે.અમીનનાની સુચના તેમજ માર્ગદર્શન નાસતા ફરતા,વોન્ટેડ આરોપી તેમજ ફરાર આરોપીઓને પકડી પાડવા સારુ મ.પો.કમિ.શ્રી. "કે" વિભાગ સ્કોડના અ.હેડ.કો.વિજયકુમાર રણછોડભાઈ તેમજ અ.હેડ.કોન્સ.નરેન્દ્રસિંહ મહોબતસિંહ તેમજ બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ નીકળેલ દરમ્યાન દાણીલીમડા ઢોર બજાર ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ ભાવુભાનાઓને મળેલ બાતમી હકીકત આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સાહેબનાઓના હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૦૧૬ તા.૨૫/૧૦/૧૬ ના કામના પાસા વોન્ટેડ આરોપી બળવંતભાઈ નાગજીભાઈ પરમાર રહે : ચામુંડાનગરના છાપરા બહેરામપુરા અમદાવાદ શહેરનાઓને આજરોજ તા.૦૬/૦૩/૨૦૧૭ ના કલાક : ૧૪/૦૦ વાગે પકડી લઈ પાસા વોન્ટેડ આરોપીને પકડી લઈ એક વોન્ટેડ આરોપીને પકડી પાડવામાં સફળતા મળેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>પાલડી પોલીસ સ્ટેશન :</u>**

એ.સી.પી.શ્રીકે.એમ.ચાવડા સા.એન ડીવીઝનતથા ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી બી.એસ.રબારી સા.નાઓની સુચનાથી પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી તથા ચેઈન સ્નેચીંગના બનતા ગુન્હાઓ અટકાવવા માટે પો.સબ.ઈન્સ. એમ.એમ.સિન્ધી તથા પોલીસ સ્ટાફનાહેડ કોન્સ. પરેશભાઈ દાનાભાઈ બ.નં.૫૩૦૨ તથા પો.કોન્સ.મહેશભાઈ તુલસીભાઈ બ.નં.૮૩૦૯ તથા પો.કોન્સ.મોમાભાઈ ગોરધનભાઈ બ.નં.૪૭૩૯તથા ઈમ્તીયાઝઅલી ઉમરાવઅલી બ.નં.૩૫૮૭તથા પો.કોન્સ.ઈન્દ્રજીતસિંહ વનરાજસિંહ બ.નં.૭૪૪૨વિગેરે સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં તા.૦૫/૦૩/૨૦૧૭ નારોજપેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૬.૧૫ વાગ્યે ફતેપુરા બેંક ઓફ બરોડાની ગલીમાં આવતા સામેથી નિકુંજ ઉમેશકુમાર દવે ઉ.વ.૩૨, ધંધો-એજન્ટ, રહે.૧૧, જય ભારત સોસાયટી, જૈન મરચંટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ શહેર હાલ રહે.૫૧, રુષભ રેસીડન્સી બેંક ઓફ બરોડા શાખાની સામે, ફતેપુરા, અમદાવાદ શહેર નાઓ આવી જાહેર કરેલ કે મકાન નં.૧૧ જય ભારત સોસાયટી જૈન મરચન્ટ સોસાયટી પાસે જય ભારત સોસાયટીના સભ્યોએ સદર બંધ મકાનમાં ગે.કા.પ્રવેશ કરી ચોરી કરતા બે ઈસમોને પકડી પાડેલ છે. સ્ટાફના માણસો સાથે સદર જગ્યાએ પો.સબ.ઈન્સ. એમ.એમ.સિન્ધી નાઓ સ્ટાફના માણસો સાથે જતા આરોપીઓ મળી આવતાઆરોપીઓ પાસેથી ચોરી કરવાના સાધન વાંદરી પાનુ તથા અલગ અલગ જાતની તીજોરીની ચાવીઓ તેમજ જુદા જુદા તાળાઓની ચાવીઓ તેમજ અલગ અલગ સાઈઝના ડીસમીસ તથા ટેસ્ટર અને બે ચપ્પા તથાઆરોપીની અંગ જડતીમાંથી સેમસંગ કપનીનો મોબાઈલ તેમજ આરોપીઓ ચોરી કરવા લઈ આવેલ હિરો કંપનીનું સ્પેન્ડર પલ્સ મો.સા.નં.GJ-01-JZ-0197 મળી આવતા તપાસ અર્થે કબ્જે લઈઉપરોક્ત ફરીયાદીશ્રીની ફરીયાદ લઈ પાલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧/૧૭ ધી ઈ.પી.કો.કલમ ૩૮૦, ૪૫૪, ૫૧૧, ૧૧૪ મુજબનો ગુન્હો રજી. કરી આરોપીઓને સદર ગુન્હાના કામેધરપકડ કરવામાં આવેલ છે અને આરોપીઓની વધુ પુછપરછ કરતાપાલડીફ.ગુ.ર.નં. ૨૬/૨૦૧૭ ધી ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબના ગુન્હાનીકબુલાત કરતા આરોપીઓને તા.૦૬/૦૩/૨૦૧૭ ના રોજ કોર્ટમાં રજુ કરી આરોપીઓના દિન-3 ના રીમાન્ટ મેળવેલ છે અને આ કામની વધુ તપાસ પો.સબ.ઈન્સ.શ્રી એમ.એમ.સિન્ધી નાઓ ચલાવી રહેલ છે.તા.

**<u>નરોડા પોલીસ સ્ટેશનઃ-</u>**

<u>વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી નરોડા પોલીસ</u>

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ વાહનચોરીના ગુના શોધવા કરેલ સુચના અંગેની કામગીરીમા પોલીસ ઇન્સશ્રી આર.બી.રાણા તથા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ કે.એચ.જાડેજા નાઓની ટીમ દ્વારા વાહનચોરીનો ભેદ શોધવા તથા વાહનચોરીના ગુના ટકાવવા કામગીરી હાથ ધરતા સર્વેલન્સ ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી આધારે એક હીરોહોન્ડા એચ.એફ. ડીલક્ષ કાળા કલરનુ જાંબલી કલરના પટ્ટાવાળુ જેનો આર.ટી.ઓ નંબર -જીજે-૧૮-સી.ઇ -૩૬૪૨ ની સાથે આરોપી સંજયસીંગ કમલેશસીંગ રાજપુત ઉ.વ-૧૯ રહે ઢાંકણી પુરા,રબારીવાસ પાસે,નાના ચીલોડા ,અમદાવાદ નાને નરોડા સુતરના કારખાના પાસેથી પકડવામા આવેલ છે.

ઉપરોક્ત પકડાયેલ મો.સા બાબતે તપાસ કરતા સદરી મો.સા ચોરી બાબતે <u>દહેગામ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૩૮/૧૭ ઇ.પી.કો</u> કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.અને સદરી આરોપી અગાઉ (૧) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૧૯/૧૪ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ તથા (૨) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૦૫/૧૬ ઇ.પી.કો કલામ ૩૮૦,૧૧૪ મુજબના ગુન્હામા પકડાયેલ છે.અને સદરી આરોપીએ આ સિવાય અન્ય કોઇ ઘરફોડ ચોરીના કે વાહનચોરીના ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે તપાસ ચાલુ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)